


# ઓછી હાઈટવાળી દેશની પ્રથમ મહિલા વકીલ

કદકાઠીને કાબેલિયત સાથે કોઈ લેવાદેવા નથી અને નથી સમજદારી કે બૌદ્ધિકતા સાથે એને કોઈ લેવાદેવા. આજે મળીએ એક એવી મહિલાને જેની ઊંચાઈ છે માત્ર 3’-11.’’ વ્યવસાયે વકીલ આ મહિલાનું નામ હરવિંદર કૌર છે અને એ પંજાબની રહીશ છે. પહેલી નજરે હરવિંદરને તમે જોશો તો તમને લાગશે કે કોઈ બાળકી છે પરંતુ કોર્ટમાં જયારે એની દલીલ સાંભળશો ત્યારે આશ્ચર્યચક્તિ થઈ જશો. હરવિંદર દેશની સૌથી ઓછી હાઈટવાળી મહિલા વકીલ છે. હરવિંદર જણાવે છે કે જયારે એ નાની હતી ત્યારે એર હોસ્ટેસ બનવાનું સપનું હતું પરંતુ ઓછી હાઈટ હોવાથી એનું એ સપનું અધૂરું રહી ગયું. લંબાઈ વધારવા માટે એનાં માતાપિતાએ ઘણા ડોકટર્સની સલાહ લીધી પરંતુ કોઈ ફાયદો ન થયો. ઓછી હાઈટને કારણે લોકો હરવિન્દરની મજાક પણ કરતા હતા, એ ડિપ્રેશનનો શિકાર પણ બની, આત્મહત્યા કરવાનું પણ વિચાર્યું. હરિવન્દર કહે છે કે, ‘લોકો સોશ્યલ મીડિયા પર પણ અભદ્ર કમેન્ટ કરતા હતા. જયારે મેં વકીલાત કરવા વિચાર્યું ત્યારે પણ લોકો મારી યોગ્યતા પર સવાલ કરતા હતા પરંતુ હું મોટિવેશનલ વીડિયો જોઈ ખુદને મજબૂત બનાવતી હતી. મેં વિચાર્યું કે ભગવાને મને હાઈટ ઓછી આપી છે તો એનો ચોક્કસ કોઈ હેતુ હશે. 12મું પાસ કરીને મેં વકીલાતનો અભ્યાસ શરૂ કર્યો.’’ 2020માં એણે LLB નો અભ્યાસ પૂરો કર્યો અને બાર કાઉન્સિલની સનદ મેળવી અને જાલંધર સેશન્સ કોર્ટમાં પ્રેકિટસ કરવા લાગી હરવિંદર કહે છે, ‘‘હવે મારી હાઈટ કોઈ મહત્ત્વ ધરાવતી નથી. મારી લીગલ સ્કિલ્સ અને પોઝિટિવ એટીટયુડ મને અન્યોથી અલગ પાડે છે.’’

# સૌથી નાની વયની માસ્ટર સ્કુબા ડાઈવરઃ કાયના ખરે

સમુદ્રમાં સ્કુબા ડાઈવિંગનું નામ સાંભળીને જ ભલભલાને બીક લાગે છે ત્યારે બેંગલોરની 12 વર્ષીય કાયના ખરેએ દાવો કર્યો છે કે એ સૌથી નાની વયની માસ્ટર સ્કુબા ડાઈવર છે. સ્કુબા ડાઈવિંગ જેટલું રોમાંચક હોય છે એટલું જ ઘણી વાર ખતરનાક પણ સાબિત થાય છે. આપણા દેશ ઉપરાંત ઘણા દેશોમાં સ્કુબા ડાઈવિંગ એક રમત તરીકે પણ રમાય છે. કાયનાએ સ્કુબા ડાઈવિંગ કરિયર વિશે જણાવ્યું કે એ 10 વર્ષની હતી ત્યારે તેણે સ્કુબા ડાઈવિંગની શરૂઆત કરી. આંદામાન-નિકોબાર દ્વીપસમૂહ પર પહેલા સ્કુબા ડાઈવિંગનો રોમાંચક અનુભવ કર્યો. કાયનાએ પહેલો ઓપન વોટર સ્કુબા ડાઈવિંગ કોર્સ ઈન્ડોનેશિયાના બાલીમાં કર્યો અને પછી થાઈલેન્ડમાં એડવાન્સ્ડ ઓપન વોટર કોર્સ કર્યો. કાયનાના જણાવ્યાનુસાર એ આંદામાન-નિકોબાર દ્વીપસમૂહ પર ઓફિશ્યલી સ્કુબા ડાઈવિંગમાં માસ્ટર બની ગઈ. કાયનાએ સ્વિમિંગ અને સ્કુબા ડાઈવિંગમાં કેટલાક પુરસ્કાર પણ મેળવ્યા છે. સમુદ્રમાં જોખમ હોવા છતાં એને જરા પણ ડર લાગતો નથી. એણે માલદીવ, બાલી, થાઈલેન્ડમાં પણ સ્કુબા ડાઈવિંગ કર્યું છે. 12 વર્ષીય કાયનાએ દુનિયાની સૌથી નાની વયની માસ્ટર ડાઈવર બની વિશ્વ રેકોર્ડ તોડયો છે. કાયના સમુદ્રી વિજ્ઞાનમાં કરિયર બનાવવા ઈચ્છે છે કારણ કે એને સમુદ્ર સાથે બહુ લગાવ છે.




# મિસ ટેકસાસ USA સ્પર્ધાનાં સૌથી ઓલ્ડેસ્ટ સ્પર્ધક



કહેવાય છે ને કે કંઈક અલગ કરવાની અને પોતાનાં સ્વપનાંને પૂરા કરવાની કોઈ ઉંમર હોતી નથી. જયારે કોઈ વ્યકિત દ્દઢ નિર્ધાર કરી લે કે તેણે જીવનમાં કંઈક કરવું છે તો પછી કોઈ ઉંમરની સીમા તેને રોકી શકતી નથી.

આનું ઉદાહરણ પુરુ પાડયું છે અમેરિકાની 71 વર્ષીય એક મહિલાએ એનું નામ છે મારિસા ટેઈજો. મારિસાનું સ્વપ્નું હતું કે એ એક વાર મિસ ટેકસાસ USA સ્પર્ધામાં ભાગ લે અને એનું એ શમણું આખરે સાકાર થયું.

મારિસાએ ટેકસાસ USA સ્પર્ધામાં 75 અન્ય મહિલાએ સાથે ભાગ લીધો. અલબત્ત આ સ્પર્ધામાં વિજેતા એરિએના વેયર બની. અરિસા ટેઈજો બધાંનું ધ્યાન આકર્ષિત કરવામાં સફળ રહ્યાં. અરિસાએ મિસ ટેકસાસ USAમાં ભાગ લેનાર સૌથી ઓલ્ડેસ્ટ સ્પર્ધક તરીકે ઈતિહાસ રચ્યો. થોડા સમય પહેલાં જ નિયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. તે મુજબ 18 વર્ષથી મોટી વયની કોઈ પણ અપરિણીત કે ડિવોર્સી મહિલા સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. આ નિયમ હેઠળ મેરિસાએ ભાગ લીધો હતો.

વાચક ભાવ-પ્રતિભાવ

## યોગા પ્રત્યે જાગૃતિ આવી સારી વાત

‘ફાધર્સ ડે’નો મુખપૃષ્ઠ ફોટો સુંદર. સંપાદકે પણ ‘ફાધર્સ ડે’ વિશે સરસ, વિસ્તૃત વર્ણન કર્યું છે. પિતાની કઠોર આંખ જ બાળકો માટે કંઈક ને કંઈક કહી જાય છે. એ શિસ્ત જાળવવાની અને કર્તવ્યપરાયણ બનાવવાની નિશાની પણ છે. ઘણા પિતા ફૂલ જેવાં બાળકોને મારી પોતાની કઠોરતાનું પ્રદર્શન કરે છે. જે કોઈને ગમતું નથી. આવા નિષ્ઠુર પિતા પણ સમાજમાં હોય જ છે પણ ઘણી વાર પિતા ભાવુક હોય તો માતા બિન્દાસ હોય છે. આવું બધું તો સમાજજીવનમાં ચાલ્યા જ કરે છે પણ ‘પ્રિય સન્નારી’માં આ વિશે સરસ છણાવટ કરી છે.

ગુજરાતમાં ‘કોલેરાનો કેર’ એ વિશેનું પૃષ્ઠ વાંચવા જેવું તો ખરું જ. કોલેરા પ્રદૂષિત પાણી અને ખોરાકથી ફેલાતો રોગ છે એટલે આહાર અને પાણી ચોખ્ખાં હોવાં જોઈએ. બચવાના ઉપાયો સરસ રીતે સમજાવ્યા છે અને લક્ષણો તથા આહાર વિશે પણ લખાણું છે. NEETની રોજ રામાયણ વર્તમાનપત્રો કે મીડિયામાં જોવા મળે છે. બાળકોના ભવિષ્ય સાથે ખેલવું ન જોઈએ. ડૉકટર બનવા માટે બાળકોને અથાગ પરિશ્રમ કરવો પડે છે તે પણ વિચારવું જોઈએ. વાહ! ‘જીવન સરગમ’માં બિન્દુબેને માતાનો ખોળો ખાનદાની તો પિતાનો ખોળો ખુમારી શીખવી જાય છે. દીકરીના પિતા સામેના પડકારો સૌ પિતાની ભાવના દર્શાવી જાય છે. એક વાત કહેવી પડે કે આજના પિતા દીકરીના ભણતર અને ભવિષ્ય માટે ચિંતિત છે અને કર્તવ્યપરાયણ છે. દીકરીને ભણાવવી જેમ કે ડૉક્ટર, વકીલ-એન્જિનિયર વગેરેનો ઉત્સાહ એક પિતા પાસે આજે હોય છે. મારી દીકરી કંઈક બને એવું પિતા ઈચ્છે છે. મનને સ્વસ્થ રાખવા અને તનને પણ સ્વસ્થ રાખવા યોગાસનો ખૂબ જ જરૂરી છે. આજે ઠેર ઠેર આ યોગા ઉપર ચર્ચા થાય છે. પ્રેકટીકલ થાય છે. સૌનું ધ્યાન યોગા પર કેન્દ્રિત થયું છે. તે સારી વાત કહેવાય.



**જયા રાણા (સુરત)**

## બાપના જોડામાં દીકરાનો પગ ફીટ બેસે એટલે પિતા એને મિત્ર સમાન ગણે છે



સંપાદક ખરું જ કહે છે કે ‘‘બાળકના જીવનનાં બે પૈંડાં છે, એક માતા અને બીજું પિતા.’’ બાળકના જન્મ પછી બાળકનું જીવન સંપૂર્ણપણે માત-પિતાને સહારે આગળ ધપે છે. માતા બાળકને ઉછેરે છે. તો પિતા બાળક માટે અને ઘર માટે પૈસા મેળવવા ઉંબરા બહાર જાય છે. બાળકનો પિતા બહાર નીકળીને સવારથી સાંજ સુધી અર્થોપાર્જનને માટે પરસેવો પાડે છે. બન્નેના સહિયારા પુરુષાર્થ અને બાળક પ્રત્યેની મમતાને કારણે બાળક મોટું થતું જાય છે. માતા બાળકને સારા સંસ્કારો આપે છે તો પિતા બાળકના ઉજજવળ ભવિષ્ય માટે વિચારમંથન કરે છે. બાળક ટીનએજમાં આવતાં પિતા એને થોડીક તકલીફો પડે એવું કામ સોંપે છે. ઘરકામમાં માતાને મદદ કરવા માટે, પિતા બાળકને સમજાવે છે. નજીકમાંથી કશીક ખરીદી કરવા માટે પણ પિતા બાળકને બહાર મોકલે છે. ખેડૂત હોય તે પિતા, પોતાનાં બાળકને ખેતરે લઈ જાય છે.

ખેતી માટેની સાદી સમજ આપે છે. ગાય, ભેંસ કે બળદને ચાર નીરવાનું પણ બાળકને શિખવાડવામાં આવે છે. આ બધાંની વચ્ચે તમામ પિતાઓ પોતાના પાલ્યોના અભ્યાસનું ધ્યાન પણ રાખે છે. શાળાનું હોમવર્ક બાળક કરે છે કે નહિ એનું ધ્યાન રાત્રે પિતા રાખે છે. પિતા ભણેલો હોય તો અભ્યાસમાં બાળકને ના આવડે તે શીખવે પણ છે.

વ્યવહારમાં માતા કરતાં પિતા જરા કડક હોય છે પણ એ કડકાઈની પાછળ પણ પિતાનું વાત્સલ્ય છલકાતું હોય છે. ઘરની બહારની દુનિયા બાળકને પિતા બતાવે છે. બાળક જયારે ટીનએજ વટાવીને પુખ્તતા તરફ પ્રયાણ કરે છે ત્યારે પિતા, એના દીકરાને મિત્ર માનવા લાગે છે. ગામડાંમાં એક ઉક્તિ છે કે ‘બાપના જોડામાં દીકરાનો પગ ફીટ બેસે ત્યારે બાપ દીકરાને સમોવડિયો મિત્ર માનવા લાગે છે.’ અનુભવો એવું પણ કહે છે કે દીકરો બાપની સાચી વાતો માને અને બાપની સમજણને ઉવેખે નહિ તો એ દીકરો જીવનમાં પાછો પડતો નથી. એ સફળતાને વરતો રહે છે.

**-બાબુભાઈ નાઈ (સુરત)**